| | |
|---|---|
| **Publication** | Gujarat Samachar |
| **Date** | 24th September, 2015 |
| **Page No.** | 11 |
| **Edition** | Ahmedabad |

## ગુજરાતમાં 'ગળપણ' બહુ

'નેશનલ હેલ્થ પ્રોફાઈલ'ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના પ્રધાન જે. પી. નડ્ડાએ બહાર પાડેલા આંકડા અનુસાર ૧,૬૧,૫૭૮ ડાયાબિટીસના પરખાયેલા દર્દી સાથે ગુજરાત ડાયાબિટીસના દર્દીઓમાં સૌથી મોખરે છે. દેશમાં કુલ ૫,૫૯,૭૧૮ મધુપ્રમેહના દર્દીઓ છે. ગુજરાતમાં તો હાયપર ટેન્શન (મનોતાણ)નું પ્રમાણ પણ ઉંચુ છે. સી.બી.એચ.આઈ. (સેન્ટ્રલ બ્યુરો ઓફ હેલ્થ ઈન્ટેલિજન્સ) આ અંગેની વિગતો ૨૦૦૫થી જાહેર કરે છે.

## તળીયેથી બૂધ્ધિધનની પરખ

જે.એસ.પી.એલ. ફાઉન્ડેશને તળીયેથી બૂધ્ધિધનને પારખી લેવા 'રાષ્ટ્રીય સ્વયં સિધ્ધ સન્માન' નામે એવોર્ડ જાહેર કર્યો છે. ફાઉન્ડેશનના વડા શાલુ જિન્દાલના મતે, એવોર્ડ, દસ તરહમાં અપાશે. જેમાં મહિલા સશક્તિકરણ, વ્યાવસાયિક કૌશલ્ય અને આરોગ્ય સબંધી સંશોધન સહિતના મુદ્દે કૌશલ્યપૂર્ણ વ્યકિતઓને આ પ્રકારના એવોર્ડ અપાશે. તેમના મતે જેઓ સમાજમાં પરિવર્તન લાવવાની ખેવના ધરાવે છે. તેમને સન્માનવાનો અમારો પ્રયાસ છે.'

## બાળકો માટેનું સોફ્ટવેર

બાળકો માટે રાજીપાના સમાચાર એ છે કે જેઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું નથી તેમના માટે કેનેડાની એક બિનનફાકારી સંસ્થા 'રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઓર્ગેનાઈઝેશને ડેટાવાઈન્ડ સાથે સહયોગ સાધીને બાળ શિક્ષણમાં ઉપયોગી થાય તેવું સોફ્ટવેર વિકસાવ્યું છે. જેઓએ વિધિસર શિક્ષણ ન લીધું હોય તેમને આ અંગે ડેટાવાઈન્ડના વડા સૂનિતસિંહનું કહેવું છે કે, 'આ (સોફ્ટવેર) અમારી ડીજીટલ ઈન્ડિયા અંગેની વિશાળ દ્રષ્ટિમાં ક્રાંતિ સર્જશે.

- ઈન્દર સાહની